RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 65* Date: 31.12.2020 Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### યુકેથી ભારત આવનાર ફ્લાઈટ્સ પર ૭ જાન્યુઆરી સુધી પ્રતિબંધ

# ભારતમાં કોરોનાના નવા સ્ટ્રેનના ૨૦ કેસ સામે આવતા સનસનાટી મચી

*ન્યુ દિલ્હી,તા.૩૦*

કોરોના વાયરસના નવા સ્ટ્રેને ભારતમાં પણ દેખા દેતા કેંન્દ્ર સરકારે બ્રિટનથી આવનારી તમામ ફ્લાઈટ પર પ્રતિબંધ ૭ જાન્યુઆરી સુધી વધારી દીધો છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ આ બાબતે જાહેરાત કરી હતી. ભારતમાં અત્યાર સુધીમાં આ નવા સ્ટ્રેનના ૨૦ કેસ સામે આવતા સનસનાટી મચી જવા પામી છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી હરદીપ સિંહ પુરીએ આ મામલે જાણકારી આપતા કહ્યું હતું કે, ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી યૂનાઈટેડ કિંગડમથી અવાનારી અને અહીંથી જનારી તમામ ફ્લાઈટો પર લગાડાયેલો અસ્થાયી પ્રતિબંધ આગળ આગળ ધપાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હરદીપ સિંહ પુરીએ ટ્વિટ કરીને જાણકારી આપી હતી કે- ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી બ્રિટનથી આવતી અને જતી તમામ વિમાનોને અસ્થાયી રૂપે પ્રતિબંધિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યાર બાદ વિમાન સેવા ફરી શરૂ કરવામાં આવશે પણ કડક પાલન સાથે. આ માટેની માર્ગદર્શીકા ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવશે.

બ્રિટનમાં કોરોના વાયરસનું નવુ સ્વરૂપ મળી આવતા દુનિયાભરના દેશોમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ભારતમાં પણ આ સ્ટ્રેનના નવા ૨૦ જેટલા કેસ મળી આવતા સરકારના કાન સરવા થયા છે. આટલી મોટી સંખ્યામાં કેસો સામે આવતા જ ભારતે ૨૧-૨૨ ડિસેમ્બરની મધ્ય રાત્રીથી જ બ્રિટનથી આવનારી તમામ ઉડાનો પર પ્રતિબંધ લગાવી દીધો હતો. સાથે જ ભારતમાંથી બ્રિટન જતી ફ્લાઈટો પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. કેન્દ્ર સરકારે આ પ્રતિબંધને હવે ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી વધારી



દીધો છે. ભારત ઉપરાંત ફ્રાંસ, જર્મની, નેધરલેન્ડ, સહિતના અનેક યૂરોપિયન દેશોએ પણ બ્રિટન પર હવાઈ પ્રતિબંધ લગાવી દીધો છે.

જોકે, ૨૫મી નવેમ્બરથી ૨૩મી ડિસેમ્બર વચ્ચે ભારતમાં ૩૩,૦૦૦થી વધુ પ્રવાસીઓ યુકેથી ભારતના વિવિધ એરપોર્ટ્સ પર આવ્યા હતા. કેન્દ્ર સરકારે રાજયો સાથે મળીને બધા જ પ્રવાસીઓને શોધવાની અને તેમના આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવાની કામગીરી હાથ ધરી છે.

ભારતે કોરોનાના નવા પ્રકારની તપાસ માટે અને તેને રોકવા માટે સક્રિય રણનીતિ તૈયાર કરી છે, જેના ભાગરૂપે ૨૩મી ડિસેમ્બરથી બ્રિટનથી આવતી તમામ ફ્લાઈટ્સ પર ૩૧મી ડિસેમ્બર સુધી પ્રતિબંધ મૂકી દેવાયો હતો. બ્રિટનથી પરત ફરેલા તમામ પ્રવાસીઓની ૧૦ સરકારી લેબોરેટરીમાં આરટી-પીસીઆરની તપાસ ફરજિયાત કરાવાઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે ૨૨મી ડિસેમ્બરે જાહેર કરેલા ‘જિનોમિક સિક્વન્સિંગ’ દિશા-નિર્દેશોમાં જણાવાયું હતું કે, છેલ્લા કેટલાક દિવસમાં ભારત આવેલા બધા જ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાંથી જેમનામાં કોરોનાના લક્ષણ મળી આવે તેમનું જિનોમ સિક્વન્સિંગ કરાવવાનું રહેશે. મંત્રાલયે પ્રયોગશાળા અને મહામારી નિરિક્ષણ અને દેશમાં કોરોના વાઈરસની સંપૂર્ણ જિનોમ સિક્વન્સિંગના પ્રસાર અને તેને સમજવા માટે ભારતીય સાર્સ-સીઓવી-૨ જિનોમિક્સ કન્સોર્ટિયમની સ્થાપના કરી છે.

### ૪ જાન્યુઆરીથી વેક્સિન આપવાની કામગીરી શરુ કરાશેઃ બ્રિટન સ્વાસ્થ્ય મંત્રી

# નવા કોરોના સ્ટ્રેન વચ્ચે UKએ ઓક્સફર્ડની રસીને તત્કાળ મંજૂરી આપી




**આગામી સપ્તાહથી આ વેક્સિન પણ સરકારના વેક્સિનેશન પ્રોગ્રામમાં સામેલ થઈ જશે,નવા વર્ષના પ્રારંભથી આ વેક્સિનનો ડોઝ નાગરિકોને આપવાનું શરૂ કરાશે**

*લંડન,તા.૩૦*

બ્રિટને ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકા તરફથી ડેવલપ કરવામાં આવેલી કોરોના વેક્સિન-કોવિશીલ્ડને ઈમર્જન્સી અપ્રૂવલ આપી દીધી છે. આગામી સપ્તાહથી આ વેક્સિન પણ સરકારના વેક્સિનેશન પ્રોગ્રામમાં સામેલ થઈ જશે. આ ભારત માટે સારા સમાચાર છે, કારણ કે આમા સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાને ઝડપથી કોવિશીલ્ડ માટે ઈમર્જન્સી અપ્રૂવલ મળવાનો રસ્તો ખૂલી ગયો છે. બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી મૈટ હૈંકોકે કહ્યું હતું કે, ૪ જાન્યુઆરીથી ઓક્સફર્ડની કોરોના વેક્સીન આપવાની કામગીરી તુરંત શરૂ કરી દેવામાં આવશે.

બ્રિટનમાં આ વખતે માત્ર ફાઇઝર-બાયોએનટેકની વેક્સિનને ઈમર્જન્સી મંજૂરી મળી હતી. સરકારી ડેટાના જણાવ્યા પ્રમાણે, અત્યારસુધીમાં લગભગ છ લાખ લોકોને વેક્સિનેટ કરાઈ ચૂક્યા છે. વેક્સિનેશન નવા વર્ષની શરૂઆતથી શરૂ કરાશે, જેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કંપનીની બ્રિટન સરકાર સાથે ૧૦ કરોડ ડોઝ સપ્લાઇ કરવાની ડીલ થઈ છે.

યુકેમાં અત્યાર સુધીમાં ૬ લાખ લોકોને ફાઇઝરની કોરોના રસી અપાઈ છે. જણાવી દઈએ કે, બ્રિટનમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનના આગમન પછી ચેપની સંખ્યામાં અચાનક વધારાથી દેશ આશ્ચર્યચકિત છે. હવે આ સ્ટ્રેન ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં પહોંચી ગયો છે. એસ્ટ્રાઝેનેકાના સીઈઓએ ખાતરી આપી હતી કે તેમની રસી કોરોના સામે ૧૦૦ ટકા સુરક્ષા પૂરી પાડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ટ્રાયલના પરિણામોમાં તેમની રસીમાં ફાઈઝર-બાયોએન્ટેકની ૯૫% અને મોડર્નાની ૯૪.૫% અસરકારકતા મળી છે. તેમણે કહ્યું કે, અમને લાગે છે કે બે ડોઝ પછી આપણને અસરકારકતા કેવી રીતે મળી શકે તે તેનો ફોર્મ્યુલા પણ મળી ગયો છે.

SIIએ ડ્રગ રેગ્યુલેટર પાસે કોવિશીલ્ડ માટે જ ઈમર્જન્સી અપ્રૂવલ માગી છે. ગત સપ્તાહે સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ કહ્યું હતું કે બ્રિટનમાં આ વેક્સિનને અપ્રૂવલ મળ્યા પછી જ આ અંગે વિચારણા કરાશે. આ સંબંધમાં કમિટીએ જીૈ પાસે અમુક ડેટા માગ્યો હતો, જે ગત સપ્તાહે જમા કરાવી દેવાયો છે. અદાર પૂનાવાલાએ બે દિવસ પહેલાં જ કહ્યું હતું કે વેક્સિનને જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં અપ્રૂવલ મળવાની આશા છે.

પૂનાવાલાએ એવું પણ કહ્યું હતું કે કંપનીએ પોતાના જોખમે ૫૦થી ૬૦ લાખ ડોઝ તૈયાર કરી લીધા છે. ફેબ્રુઆરી સુધી ૧૦ કરોડ વેક્સિન ડોઝ તૈયાર કરી લેવાશે. જેવી જ ઈમર્જન્સી અપ્રૂવલ મળી જશે, વેક્સિનની ડિલિવરી શરૂ થઈ જશે. સરકારને ૨૫૦ રૂપિયા અને સામાન્ય ભારતીયોને ૫૦૦ રૂપિયામાં વેક્સિનનો ડોઝ મળશે.

### રક્ષામંત્રીની ચીન-પાકિસ્તાનને ચેતવણીઃ છંછેડશે તેને છોડીશું નહીં

# ચીન સાથેનો વિવાદ ઉકેલાયો નથી, યથાસ્થિતિ બરકરારઃ રાજનાથ સિંહ

*ન્યુ દિલ્હી,તા.૩૦*

ભારતની લદ્દાખ સરહદે ચીન સાથે છેલ્લા થોડા મહિનાથી ચાલી રહેલા તનાવ દરમિયાન થયેલી વાટાઘાટોનું કોઇ સચોટ પરિણામ આવ્યું નથી એવી સ્પષ્ટતા કેન્દ્રના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘે કરી હતી.

આજે સવારે મિડિયા સાથે બોલતાં તેમણે કહ્યું કે એક કરતાં વધુ તબક્કાની વાટાઘાટો આપણે ચીન સાથે કરી હતી પરંતુ એનું કોઇ નક્કર પરિણામ આવ્યું નથી. ચીન સાથે હજુ આપણે વાટાઘાટો કરી રહ્યા છીએ. લશ્કરના અધિકારી લેવલની ચર્ચા ટૂંક સમયમાં થવાની છે. અત્યાર સુધી જે ચર્ચાઓ થઇ એનું કોઇ પોઝિટિવ કે નક્કર પરિણામ આવ્યું નથી. પરિસ્થિતિ આજે પણ પહેલાં જેવી તનાવયુક્ત રહી હતી.

રક્ષા મંત્રી રાજનાથ સિંહએ હવે રાહુલ ગાંધીને જવાબ આપ્યો છે. તેમણે કહ્યું- હું ખેડૂત પરિવારમાં જન્મ્યો છું. આ કારણે ખેતી વિશે રાહુલ ગાંધી કરતા વધુ જાણું છું. વડાપ્રધાન મોદીએ પણ ગરીબ ઘરમાં જન્મ લીધો હતો.

તેમણે કહ્યું કે કોઇ દેશ બળપૂર્વક પોતાની વિસ્તારવાદી નીતિનો અમલ કરે તો એને જડબાતોડ જવાબ આપવાની શક્તિ આપણી પાસે છે. આપણે સામેથી કોઇના પ્રદેશમાં ઘુસણખોરી કરતા નથી કે કોઇની જમીન પચાવી પાડવાના પ્રયાસ કરતા નથી. ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી સરહદ મામલે ટેન્શન પ્રવર્તી રહ્યું હતું. ચીન લાંબા સમયથી આપણા પ્રદેશ પર કબજો જમાવવાના પ્રયાસો કરી રહ્યું હતું. પરંતુ હવે ભારત સરકારે પોતાના લશ્કરને પણ પૂરી છૂટ આપી હતી કે આપણા સીમાડે કંઇ થાય તો લશ્કર પોતાની રીતે એનો સામનો કરે. ભારત પોતાના નાગરિકોના અને સ્થાવર સંપત્તિના રક્ષણ માટે તૈયાર રહ્યું છે. આપણે કોઇના પર આક્રમણ કરવા માટે નહીં પરંતુ સ્વરક્ષણ માટે આપણા લશ્કરને સદૈવ તૈયાર રાખ્યું હતું. રાજનાથ સિંહે પાકિસ્તાનને ચેતવણી આપતાં કહ્યું કે જે અમને છંછેડશે તેને અમે છોડીશું નહી. જરૂર પડી તો ફરી ટેરર કેમ્પો પર કરીશું સ્ટ્રાઈક, પાકિસ્તાનને કડક સંદેશ આપતા તેમણે જણાવ્યું કે શાંતી એટલે એમ નહી કે સમજુતી કરી લીધી છે.

અત્રે એ નોંધવું જોઇએ કે આ વર્ષના એપ્રિલથી ચીન ભારતની લદ્દાખ સરહદે અટકચાળા કરી રહ્યું હતું અને એક કરતાં વધુ વખત ચીની લશ્કરે ભારતીય ધરતી પર ઘુસણખોરી કરવાના પ્રયાસ કર્યા હતા. દરેક વખતે ભારતીય લશ્કરે ચીની સૈનિકોને ખદેડી નાખ્યા હતા અને પોતાની સરહદ પર ચોકી પહેરો જમાવ્યો હતો. અત્યારે પણ બંને દેશના લશ્કરના મોટા સંખ્યાના જવાનો સરહદ પર તહેનાત હોવાનું જોઇ શકાય છે. ચીન પોતાની જૂની ટેવ મુજબ એક તરફ વાટાઘાટ કરવાનું નાટક કરે છે અને બીજી બાજુ એનું લશ્કર ઘુસણખોરીના પ્રયાસ કરે છે. આ વખતે ચીનની આ નીતિનો ભારતીય લશ્કરે દ્રઢતાપૂર્વક પ્રતિકાર કર્યો હતો.

# નવા સ્ટ્રેઈન વચ્ચે મહારાષ્ટ્ર સરકારનો નિર્ણય, ૩૧ જાન્યુઆરી સુધી રહેશે લોકડાઉન

*મુંબઈ,તા.૩૦*

મહારાષ્ટ્ર સરકારે કોરોના વાઈરસના સંક્રમણને જોતા રાજ્યમાં ચાલી રહેલા લૉકડાઉનને ૩૧ જાન્યુઆરી,૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ દરમિયાન લૉકડાઉનના તમામ જૂના નિયમો યથાવત લાગૂ રહેશે.



રાજયની ઉદ્ધવ સરકારે તમામ નાગરિકોને આગ્રહ કર્યો છે કે, તેઓ નવા વર્ષની ઉજવણી સાદગીપૂર્ણ રીતે મનાવે. ક્યાંય કોઈ ભીડ એકઠી ના કરે અને બની શકે તો આ નવા વર્ષની ઉજવણી પોતાના ઘરે રહીને જ મનાવવાનો પ્રયત્ન કરે. આ સાથે જ મહારાષ્ટ્ર સરકારે ગાઈડલાઈન્સ પણ જાહેર કરી છે.

આ સર્ક્યૂલરમાં કહેવામાં આવ્યું છે કે, ૧૦ વર્ષથી નાના બાળકો અને ૬૦ વર્ષથી વધુ વયના વૃદ્ધોને આ મહામારીને ધ્યાનમાં રાખીને નવું વર્ષ મનાવવા ઘરેથી બહાર ના જવા માટે કહેવાયું છે. મુંબઈમાં નવા વર્ષ પર મરીન ડ્રાઈવ, ગેટવે ઑફ ઈન્ડિયા, ગિરગાંવ અને જૂહુ વગેરે સ્થળો પર મોટી સંખ્યામાં લોકો પહોંચે છે. આથી આવા જાહેર સ્થળો પર ભીડ એકઠી ના કરવામાં આવે.

- જાહેર સ્થળો પર સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરવામાં આવે અને માસ્ક ફરજિયાત પહેરવામાં આવે.
- ૩૧ ડિસેમ્બરે કોઈ પણ પ્રકારના ધાર્મિક કે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન ના કરવામાં આવે.
- નવા વર્ષના સ્વાગતમાં ફટાકડા ફોડવાનું ટાળે અને નિયમોનું ઉલ્લંઘન કરનારા લોકો પર પોલીસ કડક કાર્યવાહી કરશે.
- રાત્રિ કરફ્યૂ રાત્રે ૧૧ થી સવારે ૬ વાગ્યા સુધી લાગૂ રહેશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૭૯૯**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૪૪૨૫૮**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૦૭**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૮૩૪**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૩૦૦૭૭**

# ફાઇઝરની વેક્સિન લગાવ્યાને એક સપ્તાહ બાદ કેલિફોર્નિયાની નર્સ કોરોનાથી સંક્રમિત

કેલિફોર્નિયા

અમેરિકાના કેલિફોર્નિયામાં ફાઇઝરની કોરોના વાયરસ વેક્સિન લગાવવાના એક અઠવાડિયા બાદ જ સ્વાસ્થ્ય કર્મચારી કોરોના પોઝિટિવ થઈ ગયો છે. મેથ્યૂ ડબલ્યૂ નામનો સ્વાસ્થ્ય કર્મચારી બે અલગ-અલગ હૉસ્પિટલમાં નર્સનું કામ કરે છે. આ નર્સે ગત ૧૮ ડિસેમ્બરના કોરોના વાયરસ વેક્સિન લગાવરાવી હતી અને ફેસબૂક પર પોસ્ટ કરીને આની જાણકારી પણ આપી હતી. સ્વાસ્થ્ય કર્મચારીએ કહ્યું હતુ કે તેને વેક્સિન લગાવ્યા બાદ કોઈ સાઈડ ઈફેક્ટ નહોતી થઈ.

રિપોર્ટ પ્રમાણે વેક્સિન લગાવવાના ૬ દિવસ બાદ ક્રિસમસની પૂર્વ સંધ્યા પર કોવિડ-૧૯ યૂનિટમાં કામ કર્યા બાદ સ્વાસ્થ્ય કર્મચારી બીમાર થઈ ગયો. સ્વાસ્થ્ય કર્મચારીને ઠંડી લાગવા લાગી અને બાદમાં તેના શરીરમાં દુઃખાવો થવા લાગ્યો. સ્વાસ્થ્ય કર્મચારીને થાક લાગવા લાગ્યો. ક્રિસમસ બાદ નર્સ હૉસ્પિટલ ગયો અને કોરોના ટેસ્ટ કરાવ્યો. રેમર્સે કહ્યું કે, “અમે વેક્સિનના ક્લિનિકલ ટ્રાયલથી જાણીએ છીએ કે કોરોના વાયરસની વિરુદ્ધ ઈમ્યુનિટી પેદા થવામાં ૧૦થી ૧૪ દિવસ લાગી શકે છે. હું સમજું છું કે કોરોના વેક્સિનનો પહેલો ડોઝ તમને ૫૦ ટકા સુરક્ષા આપે છે અને તમારે ૯૫ ટકા સુરક્ષા માટે બીજા ડોઝની જરૂર રહે છે.”

આ પહેલા અમેરિકામાં સતત રેકૉર્ડ સંખ્યામાં કોરોના વાયરસના કેસ મળ્યા બાદ તાબડતોડ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને ફાઇઝરની કોરોના વેક્સિનને મંજૂરી આપી હતી. વેક્સિન એડવાઈઝરી સમૂહે ૧૭-૪ વોટો સાથે નિર્ણય લીધો હતો કે ફાઇઝરનો શૉટ ૧૬ વર્ષ અને તેનાથી વધારે ઉંમરના લોકોમાં સુરક્ષિત છે. ફાઇઝરે દાવો કર્યો છે કે તેની કોરોના વાયરસ વેક્સિન ૯૫ ટકાથી વધારે પ્રભાવી છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રસીને જલદીથી જલદી મંજૂરી આપવા માટે દબાવ બનાવી રહ્યા હતા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો એ આજે વિરહ,વેદના,ચાહના વિષય ઉપર પદ્ય રચનાઓ નીચે મુજબ લખી છે.

www.janfariyadnews.com

-------------------------------------

NOG SS No - 0050
શબ્દ. વિરહ /વેદના/ચાહના.
શીષેક - ભીતરનું દદે.
આંસુનાં પૂર પર પ્રતિક્ષાના બાંધ હવે
પગમાં ભલે ને બેડીઓ છે...!
અખૂટ વાતો ભીતરમાં ભરી હતી છતાં...!
એ ભીતરનું દદે બહાર ના આવ્યું હો...
આગળ સદા જવાની મેં તો સજા ભોગવી છે.... !
દિલગીર છું છતાં પણ
હું યાચના ના કરી શકી...!
મતભેદ સારા પણ,
મનભેદ નહિ હો... !
જાણે જીભેથી કટુ વચનો
નીકળ્યાં ને...!
હોઠોની વચ્ચે જ જાણે
ફાંસી દઈ દીધી...!
ફરક કાંઈ ના પડ્યો
દદે બધુ ઘૂંટાતું રહ્યું ને...!
મારાથી પહેલા જ મારું નામ બધે પહોંચી ગયું...!
કેવી દોસ્તી મારી ભીતરની કે..!
પ્રાણ લેવા શબ્દ પર પણ
પાશા નાખ્યાં યમરાજાએ.... !
ને બાકી ના રહ્યો દેહ કે શ્વાસ આ...!
પૂરી થઈ જશે જે તમન્નાઓ તો..!
વેદનાઓ ને વલોવી મંથનને કર્યું...!
તમન્નાઓ અધૂરી રહી ગઈ ?
ભીતરના દર્દે તો..!
પગમાં ભલેને બેડી હોય..!
માત્ર સબૂરી ને શ્રધ્ધા જ
જોઈએ..!
ને મૂંગી છું એ મારી ફિતરત છે મારી..!
ભલેને.. !
ભીતરનું દદે ભીતર જ , રહીને બાંગ પૂકારે માહીં...!
યુગો યુગો થી એક જ કહાની.. !
દદે લોકો દેતા રહ્યાં ને,
લોકો ચૂપચાપ જોતા રહ્યાં...!
નથી ચાહી શકતી કે,
નથી ત્યાગી પણ શકતી
એ મારા ભીતરના દદેને.. !
રાગીની શુક્લ"રાગ" (મુંબઈ ,કાંદિવલી.)

-------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર,સાહિત્ય સરિતા-૧
NOG SS No :- 0052
વિષય : વેદના
શીર્ષક:વેદના
પ્રકાર : પદ્ય
વેદના કોને કહેવી ?
અલગ રહેવાની,
મૌન બની સહેવાની,
છતાં સમીપ,
લાગણીઓ નહિ ઉલેચી શકવાની!
દૂર રહી દૂરથી સલામ ભરવાની,
કાળજી, તકેદારી રાખી ચાલવાની,
દો ગજ દૂરી હી સહી,
મોં પર માસ્ક લગાવી ફરવાની,
છૂત અછૂત જેવાં વ્યવહાર કરવાની,
અરે !!જીવને સાંકળે બાંધવાની,
આ પ્રણાલી કયાંથી આવ્યાની,
બાતમી કોઈ કહેશો તો જરા....
આ છે...
પ્રકૃતિ સાથે કરેલા ખિલવાડની કહાની,
જોઈ લ્યો હવે તેની જુબાની,
આ સજારૂપી તમારે મારે,
શ્રાપરૂપે ભોગવ્યે જ છૂટવાની..!
સંજય તરબદા "સાંજ" વડોદરા

-------------------------------------

NOG SS No :- 0037
વિભાગ - પદ્ય.
શીર્ષક - વિરહ,વેદના,ચાહના.
હ્દય દરિયો બને ત્યારે,
ચાહતના મોજા ઉછળે.
રાધાની ચાહત કાનો,
કાનાની ચાહત, રાધા..
રાધાનો વિરહ, વૈરાગ્ય..
કાનાનો વિરહ, બંશીનો ત્યાગ..
રાધાની વેદના, પૂર્ણ સમર્પણ..
કાનાની વેદના, સ્વધામ મિલન.'
સીતાની ચાહમાં રામે,
સાગરમાં પણ રસ્તો કર્યો.
સીતાના વિરહમાં ,
રાજમહેલના સુખનો ત્યાગ.
ચાહત,વિરહ,વેદના,
સાચી હોય તો,
પરમાત્મા પણ મળે છે.
હેમલતા દિવેચા.જૂનાગઢ.
હેમલતા દિવેચા.

-------------------------------------

NOG SS No :- 0038
વિભાગ :- પદ્ય
શીર્ષક :- વિરહની વેદના
નજર બિછાવી જોતા રહ્યાં અમે વાટ તમારી,
ના આવ્યા તમે ક્યાં હતી ભૂલ અમારી !
ગુનેગાર બનાવી ઉભા કર્યા અમને કોર્ટમાં તમારી,
સુણાવી દીધી સજા વગર વાંકે અમારી !
એકવાર ના યાદ કરી નજર પ્રેમભરી અમારી,
છોડી દીધા અમને ગુનેગાર બનાવી !
સાક્ષી આપણા પ્રેમના એ બગીચાના પંખી,
હરિયાળી બાગની કહેશે આપણા પ્રેમની કહાની !
વેદના દઝાડે અમને વિરહમાં તમારી
પકડીલોને હાથ ભૂલી જઈશું
આપેલી સજા તમારી...!
શીલાપટેલ " આકાંક્ષા "

-------------------------------------

NOG SS No :- 0078
પ્રકાર પદ્ય
છંદ - ગાગાલગા ૪
વિષય - વેદના
સાચું કહું ધડકનનાં કણ-કણમાં વસે છે વેદના.
તેથી વિચારોની બધી ક્ષણમાં વસે છે વેદના.
જીવતી જ એ જાણે કે સૌ ઘરના બધાં માટે ના હોય ?
ગૃહિણીનાં ગૃહ સાથેના સગપણમાં વસે છે વેદના.
ઘર છે ને લાગણીઓ છતાં પણ ટળવળે , કહેવું જ શું?
વૃદ્ધાશ્રમે મા છે તો ઘડપણમાં વસે છે વેદના.
સ્ત્રી, બાળકીઓ ભોગ અત્યાચારનો થઈ તેનું શું ??
નિઃશબ્દતાની તેની ક્ષણક્ષણમાં વસે છે વેદના.
માબાપ લઈ લીધા? હે ઈશ્વર !! તેમનું ભાવિ હવે ?
એ સાવ નિરાધાર બચપણમાં વસે છે વેદના.
કાલે તો ભારતમાને હસતા જોઈ'તી પણ આજ જો!
આજે રડે, આક્રોશ- રજકણમાં વસે છે વેદના.
મૂંગા તરુ કાપું, બિચારા શું કરે?જો ધ્યાનથી;
તેના ધરા સાથેના વળગણમાં વસે છે વેદના.
પરિવાર માટે જાત ઘસતા જિંદગી આખીય એ;
પુરુષની ઊંડી જ સમજણમાં વસે છે વેદના.
-શ્વેતા તલાટી

-------------------------------------


NOG સાહિત્ય સરિતા
NOG SS No: 40
પ્રકાર: પદ્ય
શીર્ષક : વહુનું શું? (વેદના)
ચાર દિવાલ ને પાંચમી હું,
મૂક સાક્ષી હર ક્ષણનાં, હવે વધુ કહેવું શું?
પારકાંને પોતીકાં કરી જીવવાનું
સામે આ અપેક્ષા ન રખાય; શું?
અનુરૂપ સૌને થઈને જીવવાનું
તો સ્વમાન નેવે મૂકવાનું શું?
ઉર- ઉમંગ ને આશાઓ ગઈ ઓગળી!
પાંખો ફફડાવીનેય હવે ક્યાં ઉડશું?
ટીપાઈ-ટીપાઈને લાગણીઓ થઈ પથ્થર!!
અશ્રુધોધ ગયો સૂકાઈ! હવે ખાળશો શું?
અંતઃમને ઝૂરાપો કેટલો
રાખ પણ હવે દેખા દેશે કે શું!?
દીકરો અતી સવાયો ને દીકરી-જમાઈ અણમોલ!
ઘર-પરિવાર સાચવનારી વહુનું શું?
વૈશાલી મહેતા

-------------------------------------

NOG SS No :- 0011
સાહિત્ય સરિતા
શબ્દ- વિરહની વેદના
પ્રકાર :- અછાંદસ -મૌલિક રચના
શીર્ષક :- વિરહની વેદના
વિરહની વેદના શૂળ બનીને આંખોમાં જડાઈ છે,
વહી રહી આંસુઓની ધારા સાગરમાં ફેરવાઈ છે.

પ્રિયા શું છે વાંક મારો? કે તને મારાથી ઝૂરાપો છે,
દીવાનગી સરિતા થઈને પ્રેમ સાગરમાં સમાઈ છે.
પ્રેમ રહ્યો મારો અધૂરો, ને જીંદગી પણ રહી અધૂરી,
શ્વાસમાં રહી તું ને, પ્રેમ વગર કફનમાં લપેટાઈ છે.
અધૂરી ખ્વાહીશો જીવનમાં, જે પૂરી થઈ ન શકી,
મન મળ્યાં છતાં મિલનવેળા સપનામાં ન દેખાઈ છે.
એ ઝૂરાપો ભીતરમાં અલગથી, વિરહમાં રંગાઈને,
'મન'માં રહેલી વેદના પ્રેમકથામાં જે આલેખાઈ છે.
મનોજકુમાર પંચાલ 'મન' પાલનપુર



ગુડ બાય ૨૦૨૦

ડૂબતા સૂરજને કહ્યું અલવિદા ..., ૨૦૨૦ના સુરજ ને કહ્યું અલવિદા...,પાછળ વળીને હવે જોવું નથી,૨૦૨૦ ને કહીએ અલવિદા.., કોરોનાનો સાદ સાંભળવો નથી ઐ ખુદા,૨૦૨૧મા તો કોરોનાને અલવિદા.,સુસ્વાગતમ છે સ્વાગતમ,૨૦૨૧ નું સુસ્વાગતમ..

દીપક જગતાપ

## ૫૦ રૂપિયાની બોધ કથા

૫૦ રૂપિયા...

એક વીજળી ના થાભલા ઉપર એક કાગળ ની ચિઠી લગાવેલી હતી હું નજીક ગયો અને તેં વાંચવા લાગ્યો..!

એની ઉપર લખ્યું હતું ..

મહેરબાની કરી વાંચવું...

આ રસ્તા ઉપર કાલે મારા ૫૦ રૂપિયા પડી ગયા છે મને બરાબર દેખાતું નથી એટલે મહેરબાની કરી જેને મળે તે નીચેના સરનામે પહોંચાડી દે...!

સરનામું..!

આ વાંચીને મને ઘડીક તો અચરજ થયું કે ૫૦ રૂપિયા જેના માટે આટલા બધા કિંમતી હોય તો તે વ્યક્તિ ને મળવુંજ જોઈએ...!

હું એ બતાવેલ એડ્રેસ પર ગયો જઈને દરવાજો ખટ ખટાવ્યો તો એક અતિ વૃદ્ધ માજી એ દરવાજો ખોલ્યો માજી સાથે ની વાતમાં એટલો ખ્યાલ આવ્યો કે માજી એકલાજ છે તેની આગળ પાછળ કોઈ નથી મેં માજી ને કહ્યું કે તમારી ખોવાયેલ ૫૦ રૂપિયા ની નોટ મને મળી છે તે દેવા આવ્યો છું...!

આ સાંભળીને માજી રડવા લાગ્યા અને રડતા રડતા કહ્યું કે બેટા અત્યાર સુધી માં ૨૦૦ માણસો મને ૫૦ રૂપિયા દઈ ગયા છે..!

હું અભણ છું એકલી રહું છું નજર પણ કમજોર છે કોણ જાણે કોણ એ ચિઠી લગાવી ગયું છે..!

બહુ જીદ કરી ત્યારે માજી એ ૫૦ રૂપિયા તો લઈ લીધા પણ એક વિનંતી કરી કે બેટા જાતિ વખતે એ ચિઠી ફાડી ને ફેંકી દેજે...!

મેં હા તો પાડી દીધી પણ મારા જમીરે મને વિચારવા મજબૂર કરી દીધો કે મારા પહેલા જેટલા લોકો આવ્યા હશે તેને પણ માજી એ ચિઠી ફાડવા નું કીધુ હશે તો તે કોઈ એ ચિઠી નો ફાડી તો હું શામાટે ફાડું...!!

પછી હું એ માણસ નો વિચાર કરવા લાગ્યો કે એ કેટલો દિલદાર હશે જેને એક મજબૂર માજી ની મદદ કરવા માટે આવો વિચાર આવ્યો હું એને આશીર્વાદ દેવા મજબુર થઈ ગયો...!

કોઈને મદદ કરવા માટે રસ્તા તો ઘણા છે પણ નિયત સારી હોવી જોઈએ..!

### શેરબજારમાં સતત છઠ્ઠા દિવસે તેજી, બજાજ ફાઈનાન્સના શેર વધ્યા

# સેન્સેક્સે ૪૭૭૧૪નો ઈતિહાસ રચ્યો: નિફ્ટી ૧૪,૦૦૦ની નજીક

મુંબઈ,તા.૩૦

સકારાત્મક ઘરેલું અને વૈશ્વિક સંકેતોને કારણે સપ્તાહના ત્રીજા કારોબારના દિવસે બુધવારે શેર માર્કેટ લીલા નિશાન પર બંધ રહ્યું. સેન્સેક્સ અને નિફ્ટીના ફાયદા પર મુખ્ય શેર સૂચકાંકો બંધ થયા ત્યારે આ સતત છઠ્ઠા ટ્રેડિંગ સેશન છે. યુ.એસ. માં બહુ-અપેક્ષિત કોરોના વાયરસ રાહત બિલને મંજૂરી મળ્યા પછી બજારમાં વેગ મળ્યો. બોમ્બે સ્ટોક એક્સચેંજનો ફ્લેગશિપ ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૨૮ ટકા વધીને ૧૩,૭૧૪ પોઈન્ટ સાથે ૪૭૭૪૬.૨૨ પર બંધ રહ્યો છે.



તો નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૦.૩૫ ટકા (૪૯.૩૫ પોઈન્ટ) વધીને ૧૩૯૮૧.૯૫ના સ્તર પર બંધ રહ્યો છે.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે અલ્ટ્રાટેક સિમેન્ટ, ગ્રાસિમ, શ્રી સિમેન્ટ, બજાજ ફાઈનાન્સ અને આઈશર મોટર્સના શેર લીલા નિશાન પર બંધ થયા છે. એક્સિસ બેંક, ઈન્ડસઈન્ડ બેન્ક, સન ફાર્મા, એસબીઆઈ અને ભારતી એરટેલના શેર લાલ નિશાન પર બંધ થયા છે.

જો આપણે સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે બેંકો, ફાર્મા, ખાનગી બેન્કો અને પીએસયુ બેંકો સિવાયના તમામ ક્ષેત્રો લીલા નિશાન પર બંધ થયા છે. આમાં ફાઈનાન્સ સર્વિસીસ, આઈટી, રિયલ્ટી, એફએમસીજી, મીડિયા, ઓટો અને મેટલ શામેલ છે. આજે એશિયાઈ બજારોમાં હોંગકોંગનો હેંસસેંગ ઈન્ડેક્સ ૩૦૭ અંક(૧.૪૯ ટકા)ના વધારા સાથે ૨૬૯૬૫ પર કારોબાર કરી રહ્યો છે. આ સિવાય ચીનનો શંઘાઈ ઈમ્પોઝિટ ઈન્ડેક્સ પણ ૩૦ અંક વધી ૩૪૦૯ પર કારોબાર કરી રહ્યો છે. જયારે જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૮૦ અંક(૦.૨૯ટકા) ઘટી ૨૭૪૮૭ પર કારોબાર કરી રહ્યો છે.

મંગળવારે અમેરિકાના બજારોમાં ઘટાડો જોવા મળ્યો છે. ડાઉજોન્સ ઈન્ડેક્સ ૦.૨૨ ટકાના ઘટાડા સાથે ૬૮ અંક ઘટી ૩૦૩૩૫ પર બંધ થયો હતો. આ રીતે એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૮ અંક ઘટી ૩૭૨૭ પર બંધ થયો હતો. આ સિવાય નેસ્ડેક ઈન્ડેક્સ પણ ૪૯ અંકના ઘટાડા સાથે ૧૨૮૫૦ પર બંધ થયો હતો.

## લંડનથી યુપી પહોંચ્યો કોરોનાનો નવો સ્ટ્રેન, મેરઠમાં ૨ વર્ષની બાળકી સંક્રમિત

મેરઠ,તા.૩૦

કોરોના વાયરસનો નવો સ્ટ્રેન બ્રિટનથી ઉત્તર પ્રદેશમાં પહોંચી ગયો છે. વાસ્તવમાં યુકેથી મેરઠ પાછા આવેલા પરિવારની બે વર્ષી બાળકીમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનની પુષ્ટિ થઈ છે. આની પુષ્ટિ થયા બાદ આરોગ્ય વિભાગ અને પ્રશાસનમાં હોબાળો મચી ગયો છે. સાવચેતી તરીકે આખા વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે જ્યાં એ બાળકી રહે છે. માહિતી મુજબ મેરઠના ટીપી નગરના સંત વિહાર કોલોનીનો કેસ છે. હાલમાં જ બે વર્ષની બાળકી પોતાના માતાપિતા સાથે યુકેથી પાછી મેરઠ આવી હતી. મેરઠના જિલ્લાધિકારી કે બાલાજીએ જણાવ્યુ કે પરિવારના બધા સભ્યોની આરોગ્ય વિભાગ દ્વારા કોવિડ-૧૯ તપાસ કરવામાં આવી હતી. તપાસમાં બાળકીનો રિપોર્ટ પૉઝિટીવ આવ્યા બાદ તેમના સેમ્પલને તપાસ માટે દિલ્લી લેબ મોકલવામાં આવ્યા હતા. દિલ્લી મોકલવામાં આવેલ સેમ્પલના રિપોર્ટથી આની પુષ્ટિ થઈ છે. સર્વિલાંસ ઑફિસર ડૉ. પ્રશાંત કુમારે જણાવ્યુ કે બાળકીના માતાપિતા પણ કોરોના સંક્રમિત છે. જો કે તેમાં કોરોનાનો નવો સ્ટ્રેન મળ્યો નથી. આ સાથે જ સંપર્કમાં આવેલ વધુ એક મહિલાનો રિપોર્ટ પણ નેગેટીવ આવ્યો છે. તેમણે જણાવ્યુ કે વધુ ચાર કોરોના પૉઝિટિવ દર્દીઓના સેમ્પલ દિલ્લી મોકલવામાં આવ્યા હતા.

## બે વિશાળ ટ્રેડ કોરિડોર અને ત્રણ લાખ રોજગાર તકો આપતી યોજનાને મોદી કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૩૦

કેન્દ્રીય મંત્રીમંડળની બુધવારે યોજાયેલી બેઠકમાં અનેક મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આ નિર્ણયની જાણકારી આપતા જણાવ્યુ કે, ૭૭૨૫ કરોડ રૂપિયાના ખર્ચથી લગભગ ત્રણ લાખ રોજગારની તકો ઉભી કરવા માટે યોજનાને મંજૂરી મળી છે. કૃષ્ણપટ્ટનમ પોર્ટમાં ૨૧૩૯ કરોડ રૂપિયાના ખર્ચથી ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ કરવામાં આવશે. જાવડેકરે જણાવ્યુ કે બે ટ્રેડ કોરિડોર બની રહ્યાં છે જેનાથી માલ સરળતાથી ઉતરી શકશે. જ્યાં માલ ઉતરશે તે કોરિડોરની સાથે જયાં એક્સપ્રેસ-વે છે, પોર્ટ છે, રેલવેની સુવિધા છે અને એરપોર્ટ પણ છે. તેવી જગ્યા ઔદ્યોગિક શહેરોનો વિકાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સિવાય કેન્દ્રીય મંત્રીમંડળે એસ્ટોનિયા, પેરાગ્વે અને ડોમિનિકન ગણરાજ્યોમાં ભારતીય મિશનોને ખોલવાની પણ મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રી જાવડેકરે જણાવ્યુ કે, કેબિનેટની બેઠકમાં ભારત અને ભૂટાન વચ્ચે એમઓયૂ પર હસ્તાક્ષરને મંજૂરી આપવામાં આવી છે. આ સમજુતિમાં આઉટર સ્પેસના શાંતિપૂર્ણ ઉપયોગને લઈને બંન્ને દેશો વચ્ચે સહમતિ બની છે.

પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એક નિર્ણયની જાણકારી આપતા જણાવ્યું કે, કેન્દ્રીય મંત્રીમંડળે દેશમાં ઈથેનોલ ઉત્પાદનની ક્ષમતાને વધારવા માટે સંશોધિત યોજના મંજૂરી કરી છે. દેશમાં પ્રથમ પેઢી (૧૯) ઈથેનોલના ઉત્પાદન માટે સંશોધિત યોજના હેઠળ અનાજ (ચોખા, ઘઉં, મકાઈ અને સોર્બેટ), શેરડી વગેરેથી ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવશે. મંત્રીમંડળે ઈથેનોલ ઉત્પાદન યંત્રો માટે ૪૫૭૩ કરોડ રૂપિયાની આર્થિક મદદની મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યુ કે, પારાદીપ પોર્ટમાં એક વેસ્ટર્ન ડોક બનાવવા માટે મોદીજીના નેતૃત્વ વાળી સરકારે ૩૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચથી એક આધુનિક અને વિશ્વ સ્તરીય પોર્ટ નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતાવાળી કેબિનેટે આજે આકાશ મિસાઈલ સિસ્ટમના નિકાસને મંજૂરી આપી છે. મિસાઈલની નિકાસને ઝડપથી મંજૂરી આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યુ કે, નિકાસ કરવામાં આવનાર મિસાઈલ સિસ્ટમ ભારતીય સેના દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલ સંસ્કરણથી અલગ હશે. આકાશ મિસાઈલની રેન્જ ૨૫ કિલોમીટર છે.

## ભારત હવે આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસ કરશે, કેબિનેટે આપી લીલીઝંડી

ન્યુ દિલ્હી,તા.૩૦

ભારત હવે આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસ કરશે. વડાપ્રધાનની અધ્યક્ષતાવાળી કેબિનેટે આજે આકાશ મિસાઈલ સિસ્ટમની નિકાસને મંજુરી આપી દીધી છે. મિસાઈલના નિકાસને ઝડપથી મંજુરી દેવા માટે એક સમિતિ બનાવવામાં આવી છે. રક્ષામંત્રી રાજનાથસિંહે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે.

આકાશ મિસાઈલ સિસ્ટમ ૯૬%થી વધારે સ્વદેશકરણ સાથે દેશની મહત્વપૂર્ણ મિસાઈલોમાંથી એક છે. આકાશ એક મધ્યમ અંતરની જમીનથી હવામાં હુમસો કરનારી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ છે. જેને ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવી છે. તેની રેંજ ૨૫ કિમી છે. નિકાસ કરવા માટે બનાવવામાં આવેલી આકાશ મિસાઈલનું વર્ઝન વર્તમાન ભારતીય સશસ્ત્ર દલો સાથે તૈનાત સિસ્ટમથી જુદું હશે. રક્ષામંત્રી રાજનાથસિંહે કહ્યું કે, નિકાસ કરવામાં આવનારી મિસાઈલ સિસ્ટમ વર્તમાન ભારતીય સશસ્ત્ર દળો દ્વારા ઉપયોગમાં લેવામાં આવી રહેલા વર્ઝનથી અલગ હશે.

તેમણે કહ્યું, મંત્રીમંડળના આ નિર્ણયથી દેશને પોતાના રક્ષાઉત્પાદનોને સારા બનનાવવા અને તેને વિશ્વસ્તરે પ્રતિસ્પર્ધિ બનાવવામાં મદદ મળશે.

## શ્રીનગરમાં એન્કાઉન્ટર: સુરક્ષાદળોએ ૩ આતંકી ઠાર માર્યા

શ્રીનગર,તા.૩૦

કાશ્મીરમાં સુરક્ષાદળોએ ૩ આતંકી ઠાર માર્યા છે. શ્રીનગરના લાવાપોરા વિસ્તારમાં મંગળવારે એન્કાઉન્ટર શરૂ કર્યું હતું, જે ૧૫ કલાકથી વધુ ચાલ્યું. પોલીસે આતંકીઓને સરેન્ડર કરવાની તક આપી, પણ તેમણે ફાયરિંગ શરૂ કરી દીધું. હાલ ખબર પડી શકી નથી કે માર્યા ગયેલા આંતકીઓ કયા સંગઠનના છે. સર્ચ-ઓપરેશન હાલ પણ ચાલી રહ્યું છે.

આ બધાની વચ્ચે પોલીસ અને આર્મીની ટીમે નિયંત્રણ રેખા પાસે બાલાકોટ ખાતે આવેલા મેંઢર સેક્ટરમાં ૨ પિસ્તોલ, ૭૦ કારતૂસ અને ૨ ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યાં છે. પૂંછના એસએસપી રમેશ



અગ્રવાલે જણાવ્યું હતું કે આતંકીઓના પાકિસ્તાની હેન્ડલર્સે હથિયાર મોકલ્યાં હતાં. રવિવારે આતંકીઓના મદદગારોની ધરપકડ પછી હથિયારોની ખબર પડી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સુરક્ષાદળોએ આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં ૨૦૩ આતંકી ઠાર માર્યા છે, જેમાં ૧૬૬ લોકલ અને ૩૭ પાકિસ્તાની હતા. આ વર્ષે ૪૯ આતંકીની ધરપકડ કરાઈ અને ૯એ સરેન્ડર કરી દીધું. દક્ષિણ કાશ્મીરમાં સૌથી વધુ આતંકી ઠાર મરાયા. શોપિયાં, કુલગામ અને પુલવામામાં સૌથી વધુ એન્કાઉન્ટર થયા. આ વિસ્તારમાં આતંકી સંગઠનોએ સ્થાનિક યુવાનોને વધુ ભરતી કર્યા હતા.

# આજથી અમદાવાદ રીવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા સુધી ફરીથી શરુ થઈ સી-પ્લેન સેવા



રાજપીપળા,તા૩૦

અમદાવાદ રીવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા સુધી ૧ નવેમ્બરથી શરુ કરાયેલી સી પ્લેનની સેવા એકજ મહિનામાં મેન્ટેનન્સના નામે અચોક્કસ મુદત માટે બંધ કરી દેવાઈ હતી. જે આજથી ૩૦ ડીસેમ્બરથી અમદાવાદ રિવરફ્રનટથી કેવડિયા સુધીની પુનઃ શરુ કરાતા પ્રવાસીઓમાં આનંદની લાગણી વ્યાપી છે. સરદાર સરોવર નિગમના એમડી રાજીવ ગુપ્તાએ જણાવ્યુ હતુ કે હવેથે જેમાં દરરોજ બે ફલાઈટ ઉડાન ભરશે. આ માટે ઓનલાઈન બુકિંગ સેવા શરુ થઇ છે. દરમ્યાન લોકો માટે ૧ નવેમ્બરથી સી પ્લેનનુ સતાવાર સંચાલન શરુ કરાયુ હતુ. જો કે સંચાલન શરુ થયા બાદ પ્રથમ સપ્તાહમાં જ મેન્ટેનન્સ માટે બે દિવસ માટે ફલાઈટ સાઉન્ડેડ કરી દેવાઇ હતી. અધિકારી ઓના જણાવ્યા મુજબ સી પ્લેન પાણીમાં સતત ઉડાન ભરતુ હોવાથી દર સપ્તાહે તેનું પ્રાથમિક મેન્ટેનન્સ જરુરી છે. જ્યારે મહિનામાં એકવાર સંપૂર્ણ એરક્રાફટનું મેન્ટેનન્સ કરવાનું હોય છે. જેના માટે આ એરક્રાફ્ટ માલદીવ મોકલવુ પડતું હતુ. પણ હવે મોકલવુ નહી પડે.

અત્યાર સુધી એરક્રાફટ ના મેન્ટેનન્સની સુવિધા અમદાવાદમાં નહોતી તેથી મેન્ટેનન્સ માટે મલદીવ મોકલવુન પડતું હતુ.પણ હવે અમદાવાદમાથી જ સી પ્લેનના મેન્ટેનન્સ માટેની સુવિધા શરુ કરવા જરુરી માળખું તૈયાર કરી દેવાયું છે. મેન્ટેનન્સ વર્કશોપ શરુ કરાયા બાદ સી પ્લેનનુ મેન્ટેનન્સ હવે અહીથી જ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે એરક્રાફટનુ એન્ટેનન્સ દર મહિને કરવું અનિવાર્ય છે હવે પરત ફર્યા બાદ તેનું બુકિંગ શરુ કરાયુ છે. જોકે મળતી માહીતી મુજબ ફલાઈટને હાલ સરેરાશ ૭૦ થી ૮૦ ટકા જેટલા પેસેન્જરો મળે તેમ છે. વધુમા એરલાઈન્સ દ્વારા વધૂ એક એરક્રાફટ મંગાવવાની પ્રક્રિયા પણ શરુ કરાઇ છે. જેથી એક એરક્રાફટ મેન્ટેનન્સમા જાય તો બીજા એરક્રાફટની સેવાચાલુ રહી શકે.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપલા

# 'લવ જેહાદ' મુદ્દે ભાજપના સાંસદ મનસુખ વસાવાને વિદેશથી મળી ધમકી

## મનસુખ વસાવાએ મુખ્યમંત્રી ને પત્ર લખી આકાયદો બનાવવા સૌ પ્રથમ લેખિત રજૂઆત કરી હતી



રાજપીપળાઃ તા ૩૦

ઉત્તર પ્રદેશની જેમ ગુજરાતમાં પણ રાજ્ય સરકાર 'લવ જેહાદ'નો કાયદો લાવે તેવી ભરૂચના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ મુખ્ય મંત્રી ને પત્ર લખી આ. કાયદો બનાવવા સૌ પ્રથમ સાંસદ મનસુખ વસાવાએકરી હતી. હવે આ મુદ્દે તેમને વિદેશથીફોન પર ધમકી મળી છે. તેબાબતે મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે"ગુજરાતમાં પણ 'લવ જેહાદ'નો કાયદો બનવો જોઈએ. જેથી કોઈ હિંદુ યુવતી 'લવ જેહાદ' જેવા ષડ્યંત્રનો ભોગ ન બની શકે. વિદેશી તાકાતોના ઈશારે કેટલાક મુસ્લિમ યુવાનો દ્વારા દેશની હિંદુ યુવતિઓને ફસાવવાનું ષડ્યંત્ર આખા દેશમાં ચાલી રહ્યું છે.

મારી પાસે એવા પણ દાખલા છે કે, કોઈ હિંદુ યુવતી નાની-મોટી નોકરી કરતી હોય તો એની મજબૂરીનો ફાયદો ઉઠાવી એને પોતાના સકંજામાં લેતા હોય છે. ૨-૩ પત્ની ધરાવતા કેટલાક મુસ્લિમ યુવાનો હિંદુ યુવતીઓને ફસાવી મુસ્લિમ ધર્મ પણ અંગીકાર કરાવે છે.

હું કોઈ ધર્મનો વિરોધી નથી પણ આવી બાબતોનો વિરોધી છું. હિંદુ છોકરીને કેવી રીતે સકંજામાં લેવી એ માટે 'લવ જેહાદ'ની તાલીમ અપાય છે, તાલીમબદ્ધ મુસ્લિમ યુવાનો જ આમ કરતા હોય છે."

ભાજપ સાંસદ મનસુખ વસાવાએ 'લવ જેહાદ'નો આ મુદ્દો ઉઠાવતા ખળભળાટ મચ્યો હતો. બીજી તરફ ભાજપના જ લઘુમતી મોરચાના કાર્યકરોમાં પણ રોષ ફેલાયો હતો. હવે ભાજપ સાંસદ મનસુખ વસાવાને 'લવ જેહાદ'ના મુદ્દે વિદેશમાંથી અને ગુજરાતમાંથી અમુક સંગઠનો દ્વારા ધમકીઓ મળી હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મનસુખ વસાવાએ આદિવાસીઓના ખોટા પ્રમાણપત્રો બાબતે ચારણ, ભરવાડ સમાજ પર ગંભીર આક્ષેપો લગાવ્યા હતા.દરમિયાન એમને ફોન પર ધમકી મળી હતી, જો કે પોલીસે ધમકી આપનાર લોકોને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

'લવ જેહાદ' મામલે ધમકી મળી છે કે કેમ? એ મામલે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ટેલિફોનિક વાત ચિતમાં જણાવ્યું હતું કે હાં લવ જેહાદ મુદ્દે મને વિદેશ માંથી ૨ વખત અને ગુજરાતમાંથી મુસ્લિમ સંગઠનોનો પણ ફોન પર ધમકી મળી હતી.

મનસુખ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, 'લવ જેહાદ'નો મુદ્દો મેં મુસ્લિમ સમાજ વિરોધની વાત હિંદુ-મુસ્લિમ વચ્ચે અંતર દૂર થાય એ માટે મેં મુદ્દો ઉઠાવ્યો હતો, હિંદુ સમાજની મેં લાગણી રજૂ કરી હતી.મેં આ ધમકી મુદ્દે નર્મદા અને ભરૂચ પોલીસને જાણ કરી છે અને એ નંબર પણ આપ્યા છે.

આ બાબતે પોલીસ પણ એક્શન મા આવી ગઈ છે અને ફોન નંબરો પરથી તપાસ હાથ ધરી છે જોકે આ અંગે પોતેગ્રૂહ મંત્રી ને પણ રજૂઆત કરશે એમ જણાવ્યુ હતુ.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# હવામાન વિભાગે ઉ.ગુજરાતમાં વરસાદની આગાહી કરતા ખેડૂતોની વધી ચિંતા

ગાંધીનગર,તા.૩૦

ગુજરાતમાં હાલ કાતિલ ઠંડીનું મોજું ચારેબાજુ ફરી વળ્યું છે, તેવા હવામાન વિભાગ દ્વારા ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર આપ્યા છે. નવા વર્ષે રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવવાની સંભાવના સેવવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના કારણે ખેડૂતો ચિંતાતૂર બની ગયા છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૨ અને ૩ જાન્યુઆરીએ વરસાદ સાથે કાતિલ ઠંડી પડશે. એટલે રાજ્યભરના લોકોને કૃદરતા બે પ્રકોપનો માર સહન કરવો પડશે. હવામાન વિભાગ દ્વારા જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં કાતિલ ઠંડીનું મોજું પણ રહેવાની આગાહી કરી છે. આગાહી પ્રમાણે વર્ષ ૨૦૨૧ની શરૂઆત કાતિલ ઠંડી અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ સાથે થશે આ સાથે નવા વર્ષની શરૂઆતમાં ઉત્તર ગુજરાતમાં કડકડતી ઠંડી પડશે અને નલિયામાં કોલ્ડવેવ યથાવત રહેશે. આ ઉપરાંત જૂનાગઢ, અમરેલી, રાજકોટ સહિતના વિસ્તારો ઠંડાગાર બની રહેશે. ઉત્તરાયણ સુધીમાં ઠંડીનો ચમકારો અને કમોસમી વરસાદ થવાની શકયતા છે.

હવામાનની આગાહી પ્રમાણે, ૩૧ ડિસેમ્બર સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ, રાજકોટ અને કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિ સર્જાશે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને ગાંધીનગરમાં કોલ્ડવેવની સ્થિતિ રહેશે. ઉત્તર ભારતમાં હિમવર્ષાને કારણે બર્ફીલા પવનો ફૂકાવાને લીધે ગોહિલવાડ ઠંડુગાર થઈ ગયું છે. ઠંડીનો પારો ગગડીને ૧૦.૯ ડિગ્રીએ અટક્યો છે. ૮ કિ.મી.ની ઝડપે સતત ઠંડા પવનો ફૂકાવાને લીધે રાત્રે કરફ્યુ જેવો માહોલ સર્જાયો છે. આ શિયાળાનું સૌથી નીચુ તાપમાન આજે નોંધાયુ છે. હવામાન વિભાગ દ્વારા ડિસેમ્બર માસના છેલ્લા ચાર દિવસ એટલે કે ૨૮ થી ૩૧ ડિસેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્રમાં ઠંડીનું કાતિલ મોજુ ફરી વળવાની આગાહી કરવામાં આવી હતી ચાલુ વર્ષે રાજ્યના અનેક શહેરોમાં ઠંડીનો રેકોર્ડ તૂટે તેવી શક્યતા રહેલી છે. સોમવારે ઠંડી ૧૧.૨ ડિગ્રી હતી.

જેમાં સવા ડિગ્રી જેટલો છેલ્લા ૨૪ કલાકમાં ઘટાડો થયો હતો. ઠંડીનો પારો ૧૦.૯ ડિગ્રીએ ગગડીને અટકી ગયો હતો. આમ સોમવારની રાત્રિ સીઝનની સૌથી વધુ ઠંડી રાત સાબિત થઈ હતી. આજે વહેલી સવારે ભાવનગર શહેર તથા જિલ્લાના અનેક માર્ગો પર ધુમ્મસ છવાઈ ગયા હતા. જેના કારણે વાહન ચાલકોને તકલીફ પડી રહી હતી. જ્યારે રસ્તાઓ વાહન વ્યવહાર સાવ ઓછો નજરે પડતો હતો. સાંજ પડતા એસ.ટી. બસ તથા ખાનગી વાહનોમાં મુસાફરોની સંખ્યા પણ નજીવી નજરે પડતી હતી.

# આજે વડાપ્રધાન મોદીના હસ્તે રાજકોટ એઈમ્સનું ઈ-ખાતમુહર્ત




રાજકોટ,તા.૩૦

૩૧મી ડિસેમ્બરના રોડ઼ ર્સ મોદીના હસ્તે એઇમ્સનું ખાતમુહૂર્ત કરાશે. ખાતમુહૂર્તને લઇને ડોમની તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. રાજકોટમાં ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડિંગો બનાવવામાં આવશે. એઇમ્સ તરફ જવાના બિસ્માર માર્ગો નવા બનાવવામાં આવી રહ્યા છે. ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, બધા ધારાસભ્યો તથા ઉચ્ચ અધિકારીઓ સાઈટ પર હાજર રહેશે. મહત્વનું છે કે એઇમ્સના ૧૭ પ્લાનમાંથી ૯ પ્લાનને મંજૂરી મળી ગઇ છે. અન્ય માટે ૨-૩ દિવસમાં મંજૂરી મળી જશે. આજે રાજકોટ એઈમ્સનું ખાતમુહૂર્ત પીએમ મોદી વીડિયો કોન્ફરન્સથી કરશે. ૨૦૦ એકર જમીનમાં રૂ.૧૧૯૫ કરોડના ખર્ચે એઈમ્સ નિર્માણ થશે. સીએમ રૂપાણી, નીતિન પટેલ, સાંસદો પણ હાજર રહેશે. તંત્ર દ્વારા આજે રિહર્સલ કરવામાં આવશે.

અગાઉ જિલ્લા કલેકટર રેમ્યા મોહન અને નિવાસી અધિક કલેકટર પરિમલ પંડયા સહિતના મહાનુભાવોએ સભાસ્થળ, ખાતમૂહર્ત સ્થળ અને સંભવિત હેલીપેડના સ્થળોની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં આવનારા આમંત્રિતો, સામાન્ય નાગરિકો તથા અધિકારીઓ માટેના રૂટની વ્યવસ્થા, મેઈનરોડથી સભાસ્થળ સુધીના રૂટના આયોજન, કોરોના સંબંધી સરકારી માર્ગદર્શિકાનું પાલન, વીજળી પુરવઠો, પીવાનું પાણી વગેરે મુદ્દે બેઠકમાં વિશદ ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટ એઈમ્સનું ઈ-ખાતમુહૂર્ત ૩૧મીએ વડાપ્રધાન કરશે, તેમજ મુખ્યમંત્રી હાજરી આપશે તેવી જાહેરાત થઈ છે. એઇમ્સનું ખાતમુર્હતને લઈ ડોમની ત્યારીઓ શરૂ કરી છે.

જોકે પીએમઓ ઓફિસથી મૌખિક મંજૂરી સંભવિત ૩૧ તારીખ મળતા એઈમ્સના અધિકારીઓ દ્વારા તૈયારીઓ શરૂ કરી છે. ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડગો બનાવવામાં આવશે. એઈમ્સના ખાતર્મુહત અંગે હજુ સ્થાનિક વહીવટી તંત્ર સુધી કોઈ જ માહિતી મળી ન હોવાનું સામે આવ્યું છે તો બીજી બાજુ એઈમ્સ જવાનો માર્ગ બિસ્માર હોવાથી નવા રસ્તાઓ બનાવવા આવી રહ્યા છે, સાથે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી, તેમજ બધા મંત્રી, સાંસદ, ધારાસભ્યો અને એમ્સના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહેશે. સીએમને લઈ જઈ શકાય તેમ ન હોય હેલિકોપ્ટર મારફત સાઈટ પર લવાશે અને તે માટે હેલિપેડ પણ તૈયાર થઇ રહી છે. એઇમ્સના હાલ ૧૭ પ્લાન માંથી ૯ પ્લાન ને મંજૂરી મળી છે બાકીના પ્લાન માટે ૨થી ૩ દિવસમાં મજૂરી મળી જશે.

# રાજેન્દ્રનગર ગામ ખાતે નાગણેશ્વરી માતાજીનો ૧૧મો પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



રાજેન્દ્રનગર ગામ ખાતે નાગણેશ્વરી માતાજી નો ૧૧મો પાટોત્સવ ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી તથા સેવાકીય કાર્યો માં અગ્રેસર ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત નું સન્માન કરવામાં આવ્યું

કુળદેવી નાગણેશ્વરિ માતાજી ના પાટોત્સવ નિમિતે કુંપાવત પરિવાર દ્વારા કોરોના ના નિયમ નું પાલન કરી ૧૧ મો પાટોત્સવ ની ધામ ધૂમ થી ઉજવણી કરવામાં આવી હતી, તથા આવો કોઈની મદદ કરીએ (વીર પ્રતાપ ફાઉન્ડેશન) ના સ્થાપક અને હિન્દુ યુવા સંગઠન ભારત ના ઉ,ગુજરાત માં અધ્યક્ષ ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત દ્વારા દિન રાત ગરીબો ની સેવા કરવા બદલ તથા રાજેન્દ્રનગર ગામ નું નામ રોશન કરવા બદલ ફૂલ હાર, સાફા અને સાલ થી સન્માન કરવામાં આવ્યું,

હિંમતનગર તાલુકા ના રાજેન્દ્રનગર ગામ ખાતે કુંપાવત પરિવાર દ્વારા વર્ષ મા નગાણા (રાજસ્થાન) ખાતે થી જયોત લાવી કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજી ની પ્રતિષ્ઠા કરવા માં આવી હતી, અને માતાજી ની સ્થાપના બાદ ગામ માં શાંતિ અને સમૃદ્ધિ છે, માતાજીના અનેક પરચા ના લીધે આસ પાસ ના ગામ થી શ્રદ્ધાળુઓ દર રવિવારે દર્શન કરવા તથા માનતા રાખવા આવે છે.

# ૪ માંગો સંતોષાતા અમદાવાદ સફાઈ કામદારોની હડતાલ સમેટાઈ

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સફાઇ કામદારોની છ દિવસથી ચાલતી હડતાળમાં આજે ડેપ્યુટી કમિશનરોની કમિટી સાથેની મીટીંગ બાદ બે ભાગલા પડી ગયા હતા. સૌથી મોટા નોકરમંડળે પાંચમાંથી ચાર માગણીઓ સ્વીકારાઇ ગઇ હોવાથી હડતાળ સમેટાઇ ગઇ હોવાની જાહેરાત કરી દીધી હતી, જ્યારે આંદોલન શરૂ કરનાર ગુજરાત સફાઇ કામદાર સંઘે હડતાળ ચાલુ હોવાની જાહેરાત કરી મ્યુનિ.ની મુખ્ય કચેરીના ઝાંપે બેસી રહ્યાં હતા અને ઉચ્ચ અધિકારીઓની કારનો પણ ઘેરાવ કર્યો હતો.ત્યારબાદ કામદાર સંઘ સાથે મોડી રાતના વાટાઘાટોનો બીજો દોર ફરીથી શરૂ થયો હતો.તેમાં સમાધાન સધાતા હડતાળ સમેટાઈ ગઈ હોવાની જાહેરાત ડેપ્યુટી કમિશનર ગઢવીએ કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર કામદારોની રેલી આજે મ્યુનિ.ની મુખ્ય કચેરીએ પહોંચી ત્યારે ત્યાં સજ્જડ પોલીસ બંદોબસ્ત ગોઠવાયેલો હતો અને તમામ ઝાંપા બંધ કરી દીધાં હતાં. કામદારોના ટોળાં આગળના બે ઝાંપા પર જમા થયા હતા અને ભારે સૂત્રોચ્ચારોથી વાતાવરણને ગજવી દીધું હતું. કમિશનરની હાય. હાય પોકારવા સાથે મહિલાઓએ છાજીયા પણ લીધાં હતાં. એક મહિલા થોડા સમય માટે બેભાન પણ થઇ ગઇ હતી. પીકઅવર્સમાં ટ્રાફિક પણ જામ થઇ ગયો હતો. બાદમાં કામદાર આગેવાનોની કમિશનરે ગઇકાલે નિયુક્ત કરેલ ત્રણ ડેપ્યુટી કમિશનરોની કમિટી સાથે બેઠક યોજાઇ હતી.



કોંગ્રેસ નું પ્રતિનિધિમંડળ આજે ગુજરાત ના ચૂંટણી કમિશનર ને મળ્યું...

# કચ્છમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ફફડાટ



કચ્છ,તા.૩૦

કચ્છની ધરા ફરી એકવાર ધણધણી ઉઠી છે. આજે સવારે કચ્છમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. વધુ તીવ્રતાના આંચકાથી લોકો ભયભીત બની ગયા હતા, અને ઘરમાંથી દોડીને બહાર આવી ગયા હતા. તો અનેક લોકો પોતાની દુકાનોમાંથી બહાર આવી ગયા હતા. કચ્છમાં આજે ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો છે. કચ્છના ખાવડા પાસે ૪.૩ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો છે. ઠંડીની વધઘટ સાથે કચ્છના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા આવતા રહે છે. ખાવડાથી ઈએસઈ ૨૬ કિમી સિસ્મોલોજી પર તેનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું. સવારે ૯.૪૬ વાગે ૪.૩ ની તીવ્રતાનો આ આંચકો હતો.ભૂકંપની તીવ્રતા વધુ હોવાથી લોકો ભયભીત થઈ રસ્તા પર દોડી આવ્યા હતા. તો સાથે જ અનેક લોકો ડરી ગયા હતા. એક તરફ કચ્છમાં રણપ્રદેશ હોવાથી કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે. તો બીજી તરફ નીચે ધરા ધ્રૂજી રહી છે. બે કુદરતી આફતો સહન કરી રહેલા કચ્છવાસીઓ માટે આખુ વર્ષ આવી રીતે જ પસાર થતું હોય છે. ભૂકંપના અતિ સક્રિય એવા ઝોન-૫માં આવતા કચ્છમાં સમયાંતરે નાના-મોટા અને અતિ વિનાશકારી આંચકા પેટાળને હલબલાવી નાંખતા હોય છે. કચ્છ મેઈન લેન્ડ ફોલ્ટ લાઇન ફરી સક્રિય બનતાં આગામી વર્ષોમાં કચ્છમાં મોટી તીવ્રતા સુધીનો મોટો ભૂકંપ આવવાનો ખતરો મંડરાઇ રહ્યો છે.

## કેબીનેટ બેઠકમાં લેવાયો નિર્ણય

# કોરોના મહામારીને પગલે તમામ જિલ્લાઓમાં પતંગોત્સવ કરાયા રદ

ગાંધીનગર,તા.૩૦

કોરોના મહામારી સંક્રમણ અને તહેવારોની ઉજવણીને લઇને ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને કેબિનેટ બેઠક મળી હતી. આ બેઠકમાં પતંગોત્સવને લઇને મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ, કોરોનાની મહામારીને કારણે ગુજરાતના તમામ પતંગોત્સવ રદ કરવામાં આવ્યા છે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં વિવિધ શહેર અને જિલ્લામાં યોજાતા પતંગોત્સવ તથા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ યોજાશે નહીં. ઉલ્લેખનીય છે કે અલગ અલગ ૮ જગ્યાએ પતંગોત્સવ યોજાતા હતા. ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતા હેઠળ કોરોના સંક્રમણની સ્થિતિ અને નિયંત્રણ પર ધ્યાન રાખવા બનેલી કોર કમિટીની બેઠકમાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. છેલ્લા પંદર દિવસથી રાજ્યમાં કોરોનાના નવા કેસોની સંખ્યા ઘટી રહી છે અને સાથોસાથ એક્ટિવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે, તેથી હવે કર્ફ્યૂનો સમય ઘટાડવાનો નિર્ણય લેવાશે. કર્ફ્યૂને કારણે મનોરંજન, હોટલ અને કેટલાક વ્યાપારોને ખૂબ મોટું નુક્સાન સહન કરવું પડી રહ્યું છે.

નવા વર્ષની ઉજવણી દરમિયાન આ તમામ વ્યવસાયો માટે પીક સીઝન રહે છે, પરંતુ એ બંધ રહ્યા હતા. હવે તેમને નુક્સાન વધુ સહન ન કરવું પડે એ માટે કર્ફ્યૂનો સમય ૯ને બદલે ૧૧ વાગ્યાથી શરૂ કરવામાં આવી શકે છે. દિવાળી પછી કોરોનાના કેસમાં તીવ્ર ઉછાળો આવતાં અમદાવાદ સહિત ચાર શહેરમાં રાત્રે ૯થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ લાદવામાં આવ્યો હતો. હોટલ અને રેસ્ટોરાં સહિતના કેટલાક ઉદ્યોગો કર્ફ્યૂના સમયમાં છૂટછાટ આપવાની માગણી કરી રહ્યા છે. રાજ્ય સરકાર જોકે પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી અંતિમ નિર્ણય કરશે, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ, કર્ફ્યૂનો સમય રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધીનો હોઈ શકે છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે દિવાળી બાદ રાજ્યમાં જે રીતે કોરોના વકર્યો એવી સ્થિતિ મકરસંક્રાંતિના તહેવાર સમયે અને પછી સર્જાય નહીં એ અંગે ધ્યાન રાખશો.

હાઈકોર્ટે રાજ્ય સરકારને ટકોર કરી છે કે આકરા નિર્ણયો લેતા ગભરાશો નહીં. લોકો નિરાશ થાય એની ચિંતા કરશો નહીં. લોકો આ તહેવારની ઉજવણી આવતા વર્ષે પણ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે કરી શકે છે. હાઈકોર્ટે સરકારી વકીલને નિર્દેશ આપ્યો છે કે સરકાર મકરસંક્રાંતિના તહેવારને લઈને શું નિર્ણય કરવા માગે છે, એ અંગે સૂચના મેળવીને જણાવો. આ કેસની વધુ સુનાવણી આઠ જાન્યુઆરીએ હાથ ધરાશે. મકરસંક્રાંતિને અનુલક્ષીને હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરાઈ છે

રાત્રિ કર્ફ્યુને લઇ કેબિનેટમાં થઇ ચર્ચા

આ ઉપરાંત રાત્રિ કર્ફ્યૂનો સમય પણ ઘટાડીને ૯ વાગ્યાને બદલે ૧૧ વાગ્યાથી ૬ વાગ્યાનો કરવામાં આવે એવી શક્યતા છે. આ અંગે કેબિનેટમાં ચર્ચા થઈ ગઈ છે, જેના પર ગૃહ વિભાગ નિર્ણય લેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.